પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૩૮ | ૧૦ નવેમ્બર, ૨૦૨૧, બુધવાર; કારતક સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાફેલ મામલે દેશનું રાજકારણ ગરમાયું

## કોંગી-ભાજપના સામ સામે આક્ષેપ : ભાજપે સોદો યુપીએ સરકારના શાસનમાં થયાનું કહ્યું તો કોંગ્રેસે ૪૧૦૦૦ કરોડ રૂપિયાનો ગોટાળો કર્યાનો નરેન્દ્ર મોદી સરકાર ઉપર આરોપ મૂક્યો

નવી દિલ્હી, તા.૯

ભારતે ફ્રાંસ પાસેથી ખરીદેલા રાફેલ વિમાનમાં ગોટાળાનુ ભૂત ફરી ધુણ્યું છે. ફ્રાંસના મેગેઝિનના નવા રિપોર્ટમાં રાફેલ સોદા માટે કમિશન અપાયુ હોવાનો દાવો થયો છે.એ પછી સોમવારે કોંગ્રેસે ભાજપ પર હુમલો કર્યો હતો. જોકે ભાજપે આજે આ રિપોર્ટનો હવાલો આપીને યુપીએ સરકાર દરમિયાન આ ભ્રષ્ટાચાર થયો હોવાનુ કહ્યુ છે.

ભાજપના પ્રવકતા સંબિત પાત્રાનુ કહેવુ છે કે, આ મામલો ૨૦૦૭ થી ૨૦૧૨ વચ્ચેનો છે.આ સોદામાં દલાલ તરીકે એસ એમ ગુપ્તાનુ નામ આવે છે.આ એજ વ્યક્તિ છે જેનુ નામ ઓગસ્ટા વેસ્ટલ લેન્ડ હેલિકોપ્ટર સોદાના ગોટાળામાં પણ ઉછળ્યુ હતુ. ગુપ્તા લાંચ આપવાની રમતનો બહુ જુનો ખેલાડી છે.ઓગસ્ટા કેસમાં પણ તે જ કમિશન એજન્ટ હતો.

તેમણે કહ્યુ હતુ કે, કોંગ્રેસ કાર્યકાળમાં કમિશન ઓફ એગ્રીમેન્ટ અમે જોયુ હતુ. આ એગ્રીમેન્ટમાં ૪૦ ટકા કમિશનની વાત થઈ છે. ૨૦૧૯ની ચૂંટણી પહેલા કોંગ્રેસ અને બીજી પાર્ટીઓએ રાફેલને લઈને માહોલ બનાવ્યો હતો. તેમને લાગતુ હતુ કે, રાજકીય ફાયદો મળશે પણ દેશ જોઈ રહ્યો છે કે, વાસ્તવિકતા શું છે. બીજી તરફ કોંગ્રેસ પ્રવક્તા પવન ખેડાએ કહ્યુ હતુ કે, તમે બહુ જલ્દી સોદાબાજી કરીને ૫૨૬ કરોડનુ વિમાન ટેન્ડર વગર ૧૬૭૦ કરોડમાં ખરીદી લીધું છે. રાફેલ ડીલમાં એ હિસાબે તો ૪૧૦૦૦ કરોડનો ગોટાળો થયો છે. પીએમ મોદી રંગેહાથ પકડાઈ ગયા છે. પહેલા ટુજી અને બાદમાં વિનોદ રાયે માંગેલી માફી બાદ હવે રાફેલ કેસ આવ્યો છે.

તેમણે કહ્યુ હતુ કે, ટેન્ડર વગર આટલો મોટો સોદો કરવામાં આવ્યો હતો અને પીએમ મોદીએ જાતે હસ્તક્ષેપ કરીને ડિફેન્સ મિનિસ્ટ્રીને પણ નજર અંદાજ કરી હતી.આ દલાલ સામે ૨૬ મહિનાથી કોઈ કાર્યવાહી કરાઈ નથી.

ફ્રાંસના મેગેઝિનનો દાવો છે કે, રાફેલ વિમાન બનાવતી કંપની દસોલ્ટે ભારત પાસેથી ઓર્ડર મેળવવા માટે એક વચેટિયાને ગુપ્ત રીતે ૭.૫ મિલિયન યુરો ચુકવ્યા હતા.આ રકમ માટે બોગસ બિલોનો ઉપયોગ કરાયો હતો.

# ભોપાલની હોસ્પિટલમાં આગ : ચાર માસુમનાં મોત

## બાળકોના વારસદારોને ૪ લાખ રુપિયાની સહાય રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવી






ભોપાલ,તા.૯

મધ્યપ્રદેશના પાટનગર ભોપાલમાં આવેલી કમલા નહેરુ ચિલ્ડ્રન્સ હોસ્પિટલમાં સોમવારે મોડી રાત્રે સ્પેશિયલ ન્યૂબોર્ન કેર યુનિટમાં ભયાનક આગ ફાટી નીકળતા ચાર માસુમનાં મોત થયાં છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યાં આઈસીયુ આવેલું છે તે ત્રીજા માળે લાગેલી આગ અન્યત્ર પણ ફેલાઈ હતી. અગાઉ સીએમ શિવરાજસિંહ ચૌહાણે આ ઘટનામાં ત્રણ બાળકોનાં મોત થયાં હોવાનું ટ્વીટર પર જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ ઉચ્ચ સ્તરિય તપાસના આદેશ પણ આપ્યા છે. મેડિકલ એજ્યુકેશન મંત્રી વિશઅવાસ સારંગના જણાવ્યા અનુસાર, ૪૦ જેટલા બાળકો વોર્ડમાં દાખલ હતા, જેમાંથી ૩૬ સલામત છે. જે બાળકોના મોત થયા છે તેમના વારસદારોને ૪ લાખ રુપિયાની સહાય રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. ફતેહગઢ ફાયર સ્ટેશનના ઈનચાર્જ જુબેર ખાનના જણાવ્યા અનુસાર, રાત્રે ૯ વાગ્યાની આસપાસ ફાયરબ્રિગેડને આગનો કોલ મળતા હોસ્પિટલ પર ૧૦ ફાયર ટેન્કરને રવાના કરવામાં આવ્યા હતા.

First Punya Tithi



Dr. Mayuriben Paresh Vora

Devoted Wife, Best Ma, Warmest Dadiji,
Most Beautiful Super Human inside and outside,
You Taught us Grace, Honesty, Fighting and Love,
Your positivity till end gives us strength to live in without you,
You die the way,
You Live your life,
Never Born, Never Died,
and
Visited this Planet Earth between
December 30, 1958 - November 10, 2020

-: From :-
Dr. Paresh Vora – Dr. Ketul Vora
&
Family
Jay Scientific Laboratory

# શાળા બનાવનારા હજબ્બા ઊઘાડા પગે પદ્મશ્રી લેવા ગયા

## કર્ણાટકના મેંગ્લોર શહેરમાં રહેતા હરેકાલા હજબ્બા રસ્તાઓ પર ટોપલામાં સંતરા ભરી વેચવા નિકળે છે



નવી દિલ્હી, તા.૯

સરકારે સમાજમાં ખરા અર્થમાં સોશિયલ વર્ક કરતા લોકોને પદ્મ એવોર્ડ આપવાની પ્રથા શરુ કરી છે.આ વખતે પણ સમાજના છેવાડાના લોકોને નાગરિક સન્માન આપવામાં આવ્યુ છે.

આ વખતે જેમને પદ્મ શ્રી એવોર્ડ અપાયો છે તેમાંથી એક ૬૮ વર્ષીય હરેકાલા પણ છે.જે સંતરા વેચવાનુ કામ કરે છે.

કર્ણાટકના મેંગ્લોર શહેરમાં રહેતા હરેકાલા હજબ્બા રસ્તાઓ પર ટોપલામાં સંતરા ભરી વેચવા નિકળે છે.તેઓ જે ગામમાં જન્મયા હતા ત્યાં સ્કૂલ નહીં હોવાથી તેઓ ભણી શક્યા નહોતા.તેમણે નક્કી કર્યુ હતુ કે, તમામ બાળકો ભણી શકે તે માટે સ્કૂલ બનાવીશ.સંતરા વેચીને પાઈ પાઈની બચત એકઠી કરી તેમણે સ્કૂલ ખોલી હતી.રાષ્ટ્રપતિના હસ્તે તેમને પદ્મ શ્રી સન્માન અપાયુ ત્યારે તેઓ ઉઘાડા પગે પહોંચ્યા હતા. આ જ રીતે ૭૨ વર્ષના તુલસી ગૌડા પર્યાવરણના વોરિયર અને હાલતા ચાલતા એન્સાઈક્લોપિડિયો ઓફ ફોરેસ્ટ નામથી ઓળખાય છે.તેઓ શરીર પર એક ચાદર જેવુ વસ્ત્ર પહેરીને આવ્યા હતા. તેમને પણ પદ્મ શ્રી સન્માન અપાયુ છે.

# કેન્દ્રીય પ્રધાન અજય મિશ્રાના પુત્રની રિવોલ્વરમાંથી જ ફાયરીંગ થયું હતુ

## લખીમપુર હિંસા મામલામાં ફોરેન્સિકનો રિપોર્ટ આવ્યો : લખીમપુર પોલીસે અંકિત દાસની રિપિટર ગન, પિસ્ટલ અને આશીષ મિશ્રાની રાઈફલ-રિવાલ્વરને જપ્ત કરી હતી

નવી દિલ્હી, તા.૯

લખીમપુર હિંસાના મામલામાં ફોરેન્સિક લેબની તપાસમાં ફાયરિંગ થયુ છે તે વાતને સમર્થન મળ્યુ છે.

ફોરેન્સિક રિપોર્ટ પ્રમાણે આ ઘટના દરમિયાન કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશીષ મિશ્રા અને તેના નજીકના સાથીદાર અંકિત દાસની લાઈસન્સવાળી રિવોલ્વરમાંથી ફાયરિંગ કરાયુ હતુ. ઉલ્લેખનીય છે કે, આ હિંસા દરમિયાન ખેડૂતોને જીપ હેઠળ કચડવામાં આવ્યા હતા અને સાથે સાથે ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો કે ,ભાજપના નેતાઓ દ્વારા ફાયરિંગ કરાયુ હતુ.

તેની તપાસ માટે લખીમપુર પોલીસે અંકિત દાસની રિપિટર ગન, પિસ્ટલ અને આશીષ મિશ્રાની રાઈફલ અને રિવાલ્વરને જપ્ત કરીને તેનો ફોરેન્સિંક રિપોર્ટ મંગાવ્યો હતો.જેમાં હવે ફાયરિંગ થયુ હોવાની વાતને સમર્થન મળ્યુ છે.જોકે આશીષ મિશ્રા પાસેની રિવોલ્વર કે રાયફલમાં એમ બે માંથી કયા પ્રકારની ગનમાંથી ફાયરિંગ થયુ હતુ તે હજી સ્પષ્ટ થયુ નથી. હાલમાં જેલમાં બંધ આશીષ મિશ્રા અને તેના સાગરીત અંકિત દાસની મુશ્કેલી આ રિપોર્ટના કારણે વધી શકે છે.

શ્રી જલારામ જયંતિ - ભાવસભર નિમંત્રણ



નવા વર્ષે આપનું જીવન પૂ. જલારામ બાપાની અસીમ કૃપાથી છલકાતું રહે એવી શુભકામનાઓ સાથે શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર આપ સૌ નગરજનોને પૂ. જલારામ બાપાની ૨૨૨મી જન્મજયંતિની શાનદાર ઉજવણીમાં સહભાગી થવા નિમંત્રે છે.

શ્રી જલારામ જયંતિ
તા. ૧૧-૧૧-૨૦૨૧, ગુરૂવાર
(કારતક સુદ-૭)

શુભ પ્રસંગો

ધૂન : સવારે ૬.૪૫ થી સાંજે ૬.૪૫ દરમ્યાન
શોભાયાત્રા : સવારે ૮.૦૦ કલાકે
(શ્રી જલારામ મંદિર, સે. ૨૯ થી શ્રી ભોજલરામ મંદિર, સે. ૭)
અન્નકૂટ દર્શન : સાંજે ૪.૦૦ થી રાત્રે ૯.૦૦
મહાઆરતી : સાંજે ૬.૪૫ કલાકે
શુભ સ્થળ : જલારામ મંદિર, સે.-૨૯, ફોન -૨૩૨૨૩૬૧૪

વ્યાવસાયિક કામકાજને વિરામ આપી આ ઉજવણીમાં સહપરિવાર ઉમંગપૂર્વક જોડાવા ખાસ અપીલ છે.

સરકારશ્રીની ગાઈડ લાઈનને અનુસરવા નમ્ર વિનંતી છે.

નિમંત્રક : પ્રમુખશ્રી તથા કારોબારી સમિતિ,
શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર

*We aspire to be India's best restaurant operator.*

*With 2 market-leading QSR brands.**

482 restaurants in India, Sri Lanka and the Maldives**

Focus on delivering great customer experience and operational excellence

Fast-paced restaurant expansion to capitalize on growth opportunities

KFC Pizza Hut TACO BELL# SapphireFoods

**As of September 30, 2021 *Differentiated product offerings with KFC and Pizza Hut as a market leader in chicken and pizza, respectively (Source: Technopak Report) #We operate this brand only in Sri Lanka

**SAPPHIRE FOODS INDIA LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its equity shares and has filed a red herring prospectus ("RHP") with the Registrar of Companies. The RHP is available on SEBI website at www.sebi.gov.in as well as on the website of the book running lead managers, i.e., JM Financial Limited at www.jmfl.com, BofA Securities India Limited at www.ml-india.com, ICICI Securities Limited at www.icicisecurities.com and IIFL Securities Limited at www.iiflcap.com and the websites of BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see "Risk Factors" on page 29 of the RHP. Potential investors should not rely on the DRHP for any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act") or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) in the United States, to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act), pursuant to Section 4(a) of the U.S. Securities Act. There will be no public offering of Equity Shares in the United States.

Adfactors 396